## 45 (૧૭) કેન્દ્ર સરકારના પાંચમા પગારપંચની ભલામણો અન્વયે થયેલ આદેશો રાજ્ય સરકારના કર્મચારીઓને લાગુ પાડવા અંગે

ગુ.રા., નાણા વિભાગ, ઠરાવક્રમાંક : પગર/૧૦૯૮/૧-એમ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૭-૧-'૯૮

**વંચાણે લીધા :** (૧) *નાણા વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/૧૦૯૪/૪૪/મ, તા. ૧૬-૮-'૯૪.*
(૨) *નાણા વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/૧૦૯૪/૪૫/મ, તા. ૧૬-૮-'૯૪.*
(૩) *નાણા વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/૧૧૯૫/૬૩/મ, તા. ૧-૮-'૯૫.*
(૪) *નાણા વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/૧૧૯૬/૭૨/મ, તા. ૨૧-૯-'૯૬.*
(૫) *નાણા વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/૩૦૯૭/૭૫/મ, તા. ૨૦-૧૧-'૯૭.*

**આમુખ :** રાજ્ય સરકાર દ્વારા નિમાયેલ ત્રીજા પગારપંચની ભલામણો રદ કરીને કેન્દ્રના ચોથા પગારપંચની ભલામણો અન્વયે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ પગારધોરણો અને ભથ્થાંઓના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને પગારધોરણો અને ભથ્થાંઓ લાગુ પાડવાની માંગણીને રાજ્ય સરકારે તા. ૧-૧-૧૯૮૬ ની અસરથી સ્વીકાર કરેલ છે.

કેન્દ્ર સરકારે તેના પાંચમા પગારપંચની રચના કરી અને કેન્દ્ર સરકારના કર્મચારીઓને પ્રથમ વચગાળાની રાહત જાહેર કરવામાં આવતા રાજ્ય સરકારે પણ તેના કર્મચારીઓની માગણી મુજબ તારીખ ૧૬-૮-'૯૪ ના ઠરાવો ક્રમાંક : (૧) પગર/૧૦૯૪/૪૪/મ અને (૨) પગર/૧૦૯૪/૪૫/મ અન્વયે પ્રથમ વચગાળાની રાહત તા. ૧૬-૯-'૯૪ થી મંજૂર કરવામાં આવી હતી. તે જ રીતે બીજી અને ત્રીજી વચગાળાની રાહતો તા. ૧-૮-'૯૫ ના ઠરાવક્રમાંક : પગર/૧૧૯૫/૬૩/મ, અને તા. ૨૧-૯-'૯૬ના ઠરાવક્રમાંક : પગર/૧૧૯૫/૭૨/મ અન્વયે તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૫ અને તારીખ ૧-૪-'૯૬ની અસરથી મંજૂર કરવામાં આવી હતી.

પાંચમા પગારપંચની ભલામણો કેન્દ્ર સરકારને સુપરત થતા તે ભલામણો અન્વયે, કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓનાં પગારધોરણો અને ભથ્થાંના દરો સુધાર્યા છે. અને વિષયક બાબતોમાં રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને સામાન્ય રીતે અનુસરે છે તે હકીકત તેમજ ચોથા પગારપંચની ભલામણો લાગુ પાડતી વખતે લેવાયેલ નીતિવિષયક નિર્ણયને ધ્યાનમાં રાખીને તેમજ રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળો / સંઘોની કેન્દ્ર સરકારના ધોરણે પગારધોરણ અને ભથ્થાં આપવાની માંગણીઓ તપાસવા અને કર્મચારી મંડળો / સંઘો સાથે ચર્ચા-વિચારણા કરી પોતાનો અહેવાલ રાજ્ય સરકારને આપવા માટે શ્રી વી. આર. એસ. કૌલગી, (અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ)ના અધ્યક્ષપદે એક ઉચ્ચ સત્તાધિકારી સમિતિની તારીખ ૨૦મી નવેમ્બર, '૯૭ ના ઠરાવક્રમાંક : પગર/૩૦૯૭/૭૫/મ અન્વયે રચના કરવામાં આવેલ હતી. આ સમિતિને પોતાનો અહેવાલ છ સપ્તાહમાં સુપરત કરવા જણાવેલ. હતું. ઉચ્ચ સત્તાધિકારી સમિતિએ રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળો / સંઘો સાથે વિગતવાર ચર્ચા-વિચારણા કરી તારીખ ૨૬ મી ડિસેમ્બર, ૧૯૯૭ ના રોજ પોતાનો અહેવાલ સરકારશ્રીને સુપરત કરેલ છે. રાજ્ય સરકારે ઉચ્ચ સત્તાધિકારી સમિતિના અહેવાલ પરત્વે કાળજીપૂર્વક અભ્યાસ કરી સમિતિએ કરેલ ભલામણોનો સ્વીકાર કર્યો છે.

**ઠરાવ :** આમુખમાં જણાવેલ હકીકતે ઉચ્ચ સત્તાધિકારી સમિતિની ભલામણો ઉપર સંપૂર્ણ વિચારણા કર્યા બાદ આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૮૭ હેઠળ જે પગારધોરણો અમલમાં છે તે સામે નીચે મુજબનાં નવાં પગારધોરણ, ''SCALE TO SCALE'' અને ઉચ્ચ સત્તાધિકારી સમિતિની સ્વીકારેલ ભલામણ મુજબ આપવામાં આવશે.

| ક્રમ | વિદ્યમાન પગારધોરણ | તા. ૧-૧-૧૯૯૬ ના રોજનું સુધારેલ પગારધોરણ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૭૫૦-૧૨-૮૭૦-૧૪-૯૪૦ | ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ |
| ૨ | ૭૭૫-૧૨-૮૭૧-૧૪-૧૦૨૫ | ૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ |
| ૩ | ૮૦૦-૧૫-૧૦૧૦-૨૦-૧૧૫૦ | ૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦ |
| ૪ | ૮૨૫-૧૫-૯૦૦-લા.આ.-૨૦-૧૨૦૦ | ૨૭૫૦-૭૦-૩૮૦૦-૭૫-૪૪૦૦ |
| ૫ | ૯૫૦-૨૦-૧૧૫૦-લા.આ.-૨૫-૧૪૦૦ | |
| ૬ | ૯૫૦-૨૦-૧૧૫૦-લા.આ.-૨૫-૧૫૦૦ | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ |
| ૭ | ૧૧૫૦-૨૫-૧૫૦૦ | |
| ૮ | ૯૭૫-૨૫-૧૧૫૦-લા.આ.-૩૦-૧૬૬૦ | ૩૨૦૦-૮૫-૪૯૦૦ |
| ૯ | ૧૨૦૦-૩૦-૧૪૪૦-લા.આ.-૩૦-૧૮૦૦ | |
| ૧૦ | ૧૨૦૦-૩૦-૧૫૬૦-લા.આ.-૪૦-૨૦૪૦ | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ |
| ૧૧ | ૧૩૨૦-૩૦-૧૫૬૦-લા.આ.-૪૦-૨૦૪૦ | |
| ૧૨ | ૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-લા.આ.-૫૦-૨૨૦૦ | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ |
| ૧૩ | ૧૪૦૦-૪૦-૧૮૦૦-લા.આ.-૫૦-૨૩૦૦ | |
| ૧૪ | ૧૪૦૦-૪૦-૧૬૦૦-૫૦-૨૩૦૦-લા.આ.-૬૦-૨૬૦૦ | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ |
| ૧૫ | ૧૬૦૦-૫૦-૨૩૦૦-લા.આ.-૬૦-૨૬૬૦ | |
| ૧૬ | ૧૬૪૦-૬૦-૨૬૦૦-લા.આ.-૭૫-૨૯૦૦ | ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ |
| ૧૭ | ૨૦૦૦-૬૦-૨૩૦૦-લા.આ.-૭૫-૩૨૦૦ | ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ |
| ૧૮ | ૨૦૦૦-૬૦-૨૩૦૦-લા.આ.-૭૫-૩૨૦૦-૧૦૦-૩૫૦૦ | |
| ૧૯ | ૨૨૦૦-૭૫-૨૮૦૦-લા.આ.-૧૦૦-૪૦૦૦ | ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ |
| ૨૦ | ૨૨૦૦-૭૫-૨૮૦૦-લા.આ.-૧૦૦-૪૨૦૦ | ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦ |
| ૨૧ | ૨૫૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૨૦૦ | ૮૫૦૦-૨૭૫-૧૪૧૦૦ |
| ૨૨ | ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૫૦૦ | ૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦ |
| ૨૩ | ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૫૦૦૦ | |
| ૨૪ | ૩૫૦૦-૧૨૫-૪૨૫૦-૧૫૦-૫૦૦૦ | ૧૨૦૦૦-૩૭૫-૧૬૫૦૦ |
| ૨૫ | ૩૭૦૦-૧૨૫-૪૭૦૦-૧૫૦-૫૦૦૦ | |
| ૨૬ | ૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ | ૧૨૦૦૦-૩૭૫-૧૮૦૦૦ |
| ૨૭ | ૪૧૦૦-૧૨૫-૪૮૫૦-૧૫૦-૫૩૦૦ | |
| ૨૮ | ૪૧૦૦-૧૨૫-૫૧૦૦-૧૫૦-૫૭૦૦ | ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦ |
| ૨૯ | ૪૫૦૦-૧૫૦-૫૭૦૦ | |
| ૩૦ | ૪૫૦૦-૧૫૦-૫૭૦૦-૨૦૦-૭૩૦૦ | ૧૪૩૦૦-૪૫૦-૨૨૪૦૦ |
| ૩૧ | ૫૩૦૦-૧૫૦-૬૨૦૦ | ૧૬૦૦૦-૪૫૦-૨૦૦૫૦ |
| ૩૨ | ૫૭૦૦-FIXED | ૧૮૩૦૦ FIXED |
| ૩૩ | ૫૯૦૦-૨૦૦-૬૭૦૦ | ૧૮૪૦૦-૫૦૦-૨૨૪૦૦ |

(૨) કેન્દ્રના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને સુધારેલ પગારધોરણો અને મોંઘવારી-ભથ્થું તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૬ ની અસરથી આપવામાં આવે જ્યારે ઘરભાડા-ભથ્થું, સ્થાનિક વળતર-ભથ્થું અને અન્ય ભથ્થાંઓ ભારત સરકાર દ્વારા તારીખ ૧ લી ઓગસ્ટ ૧૯૯૭ ની અસરથી આપવામાં આવ્યાં હોઈ તે તારીખથી તેનો રાજ્ય સરકારના કર્મચારીઓને લાભ આપવામાં આવશે.

(૩) ઉચ્ચતર પગારધોરણની યોજના અન્વયે કર્મચારીઓ જે પગારધોરણમાં પગાર મેળવતાં હોય તે પગારધોરણની સમકક્ષ નવાં પગારધોરણો આપવાની મંજૂરી આપવામાં આવશે.

(૪) કેન્દ્રીય પાંચમા પગારપંચના અહેવાલમાં, રાજ્યની ઉચ્ચતર પગારધોરણની યોજના જેવી યોજનાની જે ભલામણો છે તેના ઉપર કેન્દ્ર સરકાર કોઈ નિર્ણય કરે ત્યાં સુધી રાજ્ય સરકારની ઉચ્ચતર પગારધોરણની યોજના યથાવત્ ચાલુ રાખવી. કેન્દ્ર સરકાર આ અંગે કોઈ નિર્ણય લે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ યોજનાની સમીક્ષા કરવામાં આવશે.

(૫) તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૬ પહેલાં નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓના કિસ્સાઓમાં કેન્દ્રના ધોરણે નિવૃત્તિના તમામ લાભો મંજૂર કરવામાં આવશે.

(૬) તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૬ પછી નિવૃત્ત થતા કર્મચારીઓના કિસ્સામાં કેન્દ્રના ધોરણે નિવૃત્તિના તમામ લાભો મંજૂર કરવામાં આવશે.

(૭) અત્યારે દર બે વર્ષે એક વખત પંદર દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગેના જે આદેશો છે તેવી જોગવાઈ કેન્દ્ર સરકારમાં ન હોઈ રાજ્ય સરકારના આદેશો આગામી બ્લોક વર્ષથી એટલે કે તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૯ ની અસરથી રદ કરવામાં આવે છે.

(૮) રજાપ્રવાસ-રાહત અંગે કેન્દ્ર સરકારના આદેશોને અનુસરવાનું ઠરાવવામાં આવે છે. કર્મચારી દર ચાર વર્ષે રજા ભોગવી કુટુંબ સાથે પ્રવાસે જાય અને નવાં સ્થળો જુએ તેથી તેની કાર્યક્ષમતા વધશે. રજાપ્રવાસ-રાહતનું રોકડમાં રૂપાંતર કરવાથી સરકારને નાણાકીય લાભ થશે તે રજૂઆત સ્વીકારી શકાય તેમ નથી.

(૯) રાજ્ય સરકારના કર્મચારીઓને તબીબી ભથ્થું કેન્દ્ર સરકારના દરે આપવાનું ઠરાવવામાં આવે છે. આ અંગેના વિગતવાર હુકમો હવે પછી બહાર પાડવામાં આવશે.

(૧૦) પગારધોરણોની વિસંગતતા દૂર કરવા માટે સરકાર દ્વારા એક ઉચ્ચ કક્ષાની ''પગાર વિસંગતતા નિવારણ સમિતિ''ની તાત્કાલિક નિમણૂક કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગેના વિગતવાર હુકમો હવે પછી બહાર પાડવામાં આવશે.

(૧૧) સરકાર દ્વારા પગારધોરણમાં વિસંગતતા દૂર કરવા માટેની જે સમિતિની રચના કરવામાં તેના ટર્મ્સ એન્ડ રેફરન્સમાં સરકાર અન્ય જે કંઈ બાબતોનો સમાવેશ કરે તેની સાથે સાથે પગારધોરણ સુધારણા, વિવિધ ભથ્થાંઓમાં સુધારાવધારા, ખાસ પગારમાં સુધારાવધારા અને ઉચ્ચતર પગારધોરણની યોજનામાં છૂટછાટ જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

(૧૨) કેન્દ્ર સરકારના ધોરણે પગારધોરણો, ભથ્થાંઓ, નિવૃત્તિના અન્ય લાભો તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૬ ની અસરથી આપવાના કારણે ચૂકવવાપાત્ર થતી તફાવતની કુલ રકમના ૫૦% રકમ કર્મચારીના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા કરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ રોકડમાં ચૂકવવામાં આવશે. રોકડમાં ચૂકવવાપાત્ર થતી રકમના ૫૦% રકમ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવશે. જ્યારે બાકી રહેલ ૫૦% રકમ તારીખ ૧ લી એપ્રિલ, ૧૯૯૮ પછી રોકડમાં ચૂકવવામાં આવશે. કુલ રકમની ૫૦% રકમ સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં ચાલુ વર્ષે જમા લેવામાં આવશે. સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જે રકમ જમા થાય તે રકમ ત્રણ વર્ષ બાદ એટલે કે તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૦૧ પછી સામાન્ય ભવિષ્યનિધિના નિયમો હેઠળની જોગવાઈ અન્વયે ઉપાડી શકાશે.

(૧૩) તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૬ પછી નિવૃત્ત થયેલા અને તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૮ સુધીમાં નિવૃત્ત થનાર કર્મચારીના કિસ્સામાં તફાવતની પૂરીપૂરી રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

(૧૪) સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જે રકમ જમા કરવાની થતી હોય તે રકમ ઉપર, આવી રકમ ગમે તે તારીખે હિસાબમાં જમા લેવામાં આવે તો પણ તેના ઉપર તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૮ ની અસરથી વ્યાજ મળવાપાત્ર થશે.

(૧૫) જે કર્મચારીઓ તફાવતની પૂરેપૂરી રકમ સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા કરાવવા ઇચ્છતા હોય તો તેમને જમા કરાવવાની પણ છૂટ આપવામાં આવે છે.

(૧૬) રાજ્ય સરકારમાં અત્યારે જે પગારધોરણો અમલમાં છે તેની સમકક્ષ "SCALE TO SCALE" નવાં પગારધોરણો મંજૂર કરવામાં આવેલાં છે, તેમ છતાં નીચે જણાવ્યાં મુજબનાં હાલનાં છ પગારધોરણો કે જે રાજ્ય સરકારે પોતાના બનાવવામાં આવેલ છે અને અમલમાં છે પરંતુ તેનાં સમકક્ષ પગારધોરણો કેન્દ્ર સરકારમાં અમલમાં નથી તે માટે સમિતિએ નીચે મુજબનાં કામચલાઉ (PROVISONAL) પગારધોરણોની જે ભલામણ કરી છે તે ભલામણ મુજબ પગારધોરણો આપવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | રૂ. ૨૨૦૦-૪૨૦૦ | રૂ. ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦ |
| (૨) | રૂ. ૨૫૦૦-૪૨૦૦ | રૂ. ૮૫૦૦-૨૭૫-૧૪૧૦૦ |
| (૩) | રૂ. ૩૫૦૦-૫૦૦૦ | રૂ. ૧૨૦૦૦-૩૭૫-૧૬૫૦૦ |
| (૪) | રૂ. ૪૧૦૦-૫૭૦૦ | રૂ. ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦ |
| (૫) | રૂ. ૫૩૦૦-૬૨૦૦ | રૂ. ૧૬૦૦૦-૪૫૦-૨૦૦૫૦ |
| (૬) | રૂ. ૫૭૦૦ (FIXED) | રૂ. ૧૮૩૦૦ (FIXED) |

સરકાર દ્વારા પગારધોરણમાં વિસંગતતાઓ તપાસવા અંગેની જે સમિતિની રચના કરવામાં આવે તે સમિતિ સમક્ષ આ કામચલાઉ (PROVISONAL) પગારધોરણો રજૂ કરવામાં આવશે. પગાર વિસંગતતા સમિતિ આ કામચલાઉ પગારધોરણો સામે જે પગારધોરણો સૂચવે તેના આધારે સરકાર દ્વારા આ છ પગારધોરણોનું આખરીકરણ (FINALISATION) કરવામાં આવશે. પગારધોરણોનું જ્યારે આખરી કરવામાં આવે ત્યારે ખરેખર ચૂકવવાપાત્ર થતી રકમ ચુકવણી કરવામાં આવેલ રકમ સામે સરભર કરવાની રહેશે.

૨. ઉપર મુજબના પગારસુધારણા અંગેના નિયમો અને અન્ય આનુષંગિક હુકમો હવે પછી બહાર પાડવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, અ. બ. પઠાણ

નાણા વિભાગ, ગુજરાત સરકાર

***

## 46 (૧૮) પાંચમા કેન્દ્રીય પગારપંચની ભલામણો રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧-૧-'૯૬ થી અમલમાં લાવવા અંગેનું જાહેરનામું

નાણા વિભાગ, ઠરાવક્રમાંક : (જીએન-૨) પગર/૧૦૯૮/૨-એમ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦-૧-'૯૮

***ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેના નિયમો કરે છે :***

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ :**

(૧) આ નિયમો ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૯૮ કહેવાશે.

(૨) તે સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવેલ ગણાશે.

૨. કયા વર્ગના સરકારી કર્મચારીઓને આ નિયમો લાગુ પડે છે તે :
આ નિયમો ગુજરાત

(૧) આ નિયમોથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, આ નિયમો ગુજરાત રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

(૨) આ નિયમો, નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :

(ક) પૂરા સમયની નોકરીમાં ન હોય તેવી વ્યક્તિઓને,

(ખ) આકસ્મિક ફંડમાંથી જેમનો પગાર ચુકવાતો હોય તેવી વ્યક્તિઓને,

(ગ) જેમને માસિક ધોરણે નહિ, પરંતુ તે સિવાય બીજી રીતે પગાર ચૂકવવામાં આવતો હોય તેવી વ્યક્તિઓને, જેમાં માત્ર છૂટક દરના ધોરણે જેમનો પગાર ચુકવાતો હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

(ઘ) કામ પૂરતા મહેકમ પર અથવા દૈનિક દરના ધોરણે અથવા પ્રાસંગિક રીતે કામે રાખેલી વ્યક્તિઓને, સિવાય કે આવી વ્યક્તિઓની બાબતમાં, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી અન્યથા જોગવાઈ કરે;

(ચ) કરારથી કામે રાખેલી વ્યક્તિઓને, સિવાય કે કરારથી બીજી રીતે જોગવાઈ કરી હોય,

(છ) નિવૃત્તિવયનું અથવા નિવૃત્ત થતી વખતનું પેન્શન મેળવતી હોય તેવી ફરી નોકરીએ રાખેલી વ્યક્તિઓને, પછી આવું પેન્શન રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવતું હોય કે ન હોય;

(જ) એકત્રિત પગારપદ્ધતિ પ્રમાણે કામે રાખેલી વ્યક્તિઓને;

(ઝ) બીજા જે કોઈ વર્ગ અથવા સંવર્ગની વ્યક્તિઓને સરકાર હુકમ કરીને ખાસ રીતે આ નિયમોમાંની તમામ અથવા કોઈપણ જોગવાઈઓના અમલમાંથી બાકાત રાખે તે વર્ગ અથવા સંવર્ગની વ્યક્તિઓને.

૩. વ્યાખ્યાઓ :

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો –

(૧) ''મૂળ પગાર'' એટલે મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ-૯ના ખંડ (૩૯)ના પેટા-ખંડ (ક)ના પરિચ્છેદ (૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર, અને તેમાં સ્ટેગ્નેશન ઈજાફાનો સમાવેશ થાય છે.

(૨) સરકારી કર્મચારીના સંબંધમાં ''વિદ્યમાન પગારધોરણ'' એટલે કાયમી અથવા અવેજી હેસિયતથી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે હોય તે પ્રમાણે, સરકારી કર્મચારી અથવા ઉચ્ચતર પગારધોરણની યોજના અનુસાર પગારધોરણ મેળવતા સરકારી કર્મચારીના કિસ્સામાં તેણે ધરાવેલી જગ્યાને લાગુ પડતું હાલનું પગારધોરણ (અથવા, યથાપ્રસંગ, તેને લાગુ પડતું અંગત પગારધોરણ).

નોંધ : ઉચ્ચતર પગારધોરણ યોજના ભારત સરકારના હુકમો જ્યારે અને જેમ બહાર પડે તે પ્રમાણેની ફેરવિચારણાને આધીન રહેશે.

સ્પષ્ટીકરણ : જે સરકારી કર્મચારી, ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ ભારતમાં અથવા ભારત બહાર ડેપ્યુટેશન ઉપર હોય અથવા રજા ઉપર હોય અથવા રાજ્યેતર સેવામાં હોય તે સરકારી કર્મચારી અથવા જે સરકારી કર્મચારી ઉપલી જગ્યા ઉપર અવેજી ધોરણે કામ કર્યું ન હોત તે સરકારી કર્મચારીની બાબતમાં, ''વિદ્યમાન પગારધોરણ''માં તે ભારત

બહાર ડેપ્યુટેશન પર અથવા રજા ઉપર અથવા રાજ્યેતર સેવામાં ન હોત, અથવા યથાપ્રસંગ, તેણે ઉપલી જગ્યા ઉપર અવેજી ધોરણે કામ કર્યું ન હોય, તો તે જગ્યા તેણે ધરાવી હોત તે જગ્યાને લાગુ પડતા પગારધોરણનો સમાવેશ થાય છે.

(૩) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર.

(૪) અનુસૂચિ-'ગ'ના કોલમ-૨માં નિર્દિષ્ટ કોઈપણ જગ્યાના સંબંધમાં ''હાલનું પગારધોરણ'' એટલે તે અનુસૂચિના કોલમ-૩માં તે જગ્યા સામે નિયત કરેલ અથવા અન્યથા નિર્દિષ્ટ કરેલ અને અનુસૂચિ-કમાં વિગતવાર નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું પગારધોરણ.

(૫) ''સુધારેલાં મળતર'' એટલે સુધારેલા પગારધોરણમાં સરકારી કર્મચારીનો મૂળ પગાર અને તેમાં સુધારેલા પગારધોરણમાંના પગાર ઉપરાંત તેને મળવાપાત્ર હોય તે સુધારેલું પ્રેક્ટિસબંધી ભથ્થાનો સમાવેશ થાય છે.

(૬) અનુસૂચિ-ગના કોલમ-(૨)માં નિર્દિષ્ટ કરેલી કોઈ જગ્યાના સંબંધમાં ''સુધારેલું પગારધોરણ'' એટલે તેના કોલમ-(૪)માં તે જગ્યાની સામે નક્કી કરેલું અથવા અન્યથા નિર્દિષ્ટ કરેલું અને અનુસૂચિ-ખમાં વિગતવાર નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું પગારધોરણ.

નોંધ: (૧) અનુસૂચિ-ખના ભાગ-૧માં રૂ. ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦, ૮૫૦૦-૨૭૫-૧૪૦૦૦, ૧૨૦૦૦-૩૭૫-૧૬૫૦૦, ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦, ૧૬૦૦૦-૪૫૦-૨૦૦૫૦ અને ૧૮૩૦૦ (નિયત) હંગામી પગારધોરણો છે. અને સરકાર રચે તેવી પગાર વિસંગતતા નિવારણ સમિતિની ભલામણો અને તેના ઉપરના સરકારના નિર્ણયને આધીન રહેશે.

નોંધ : (૨) અનુસૂચિ-ખના ભાગ-૨માં રૂ. ૫૯૫૫-૧૭૫-૯૧૫૫, ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦, ૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦, ૧૨૦૦૦-૩૭૫-૧૮૦૦૦, ૧૪૩૦૦-૪૫૦-૨૧૦૫૦, ૨૦૪૭૫-૫૦૦-૨૬૪૭૫ અને ૨૨૪૦૦-૫૨૫-૨૪૫૦૦નાં પગારધોરણો, રાજ્ય સરકારનાં પગારધોરણો ઉપરાંત ભારત સરકાર / યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન / ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન / ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચની ભલામણો ઉપરથી ભારત સરકારે સ્વીકાર્યા ત્યારથી રાજ્ય સરકારે આખરી કરવાના હોય છે. જેઓને આ પગારધોરણોમાં આવરી લીધા હોય તે કર્મચારીઓને કામચલાઉ પગારધોરણો આપવામાં આવ્યાં છે.

પરંતુ નોંધ-(૧) અને નોંધ-(૨)ની કક્ષાઓ હેઠળ જેમનાં પગારધોરણો આવરી લીધેલ હોય તેમને આ નિયમોને જોડેલા નમૂના-૨ મુજબ બાંહેધરી આપવી પડશે.

(૭) ''અનુસૂચિ'' એટલે આ નિયમોને જોડેલી અનુસૂચિ.

**(૪) જગ્યાનું પગારધોરણ :**

અનુસૂચિ ''ગ''ના કોલમ-(૨)માં નિર્દિષ્ટ કરેલી દરેક જગ્યાનું પગારધોરણ, તેના કોલમ-૪માં તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું રહેશે.

**(૫) સુધારેલા પગારધોરણમાં પગાર મેળવવા બાબત :**

આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, કોઈ સરકારી કર્મચારી, જે જગ્યા ઉપર તેને નીમવામાં આવ્યો હોય તે જગ્યાને લાગુ પડતા સુધારેલા પગારધોરણમાં પગાર મળશે.

પરંતુ કોઈ સરકારી કર્મચારી જે તારીખે વિદ્યમાન પગારધોરણમાં તેને તેનો આગામી અથવા ત્યારપછીનો કોઈ ઇજાફો મળે નહિ તે તારીખ સુધી અથવા તે, તેની જગ્યા ખાલી કરી દે અથવા તે પગારધોરણમાં તેને પગાર મળતો બંધ થાય ત્યાં સુધી, વિદ્યમાન પગારધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરી શકશે.

**સ્પષ્ટીકરણ-૧ :** આ નિયમોના પરંતુક હેઠળ વિદ્યમાન પગારધોરણ ચાલુ રાખવાનો વિકલ્પ એક વિદ્યમાન પગારધોરણના સંબંધમાં જ મળવાપાત્ર થશે.

**સ્પષ્ટીકરણ-૨ :** સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે અથવા તે પછી કોઈ જગ્યા ઉપર નિમાયેલી કોઈપણ વ્યક્તિને આ નિયમના પરંતુક હેઠળ વિકલ્પ મળવાપાત્ર થશે નહિ, પછી ભલે એવી વ્યક્તિને, સરકારી નોકરીમાં પ્રથમવાર અથવા અન્ય જગ્યા ઉપરથી બદલી કરીને અથવા બઢતીથી નીમવામાં આવી હોય તો પણ અને તેને, સુધારેલા પગારધોરણમાં જ પગાર લેવાની છૂટ આપવામાં આવશે.

**સ્પષ્ટીકરણ-૩ :** કોઈ સરકારી કર્મચારી મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ-૪૧ હેઠળ અથવા તે જગ્યાને લાગુ પડતા અન્ય કોઈ નિયમ અથવા હુકમ હેઠળ તે પગારધોરણમાં પગાર નિયમિત કરવાના હેતુ માટે નિયમિત ધોરણે અવેજી હેસિયતથી પોતે ધરાવેલી જગ્યાના સંબંધમાં વિદ્યમાન પગારધોરણ રાખવાનો વિકલ્પ આ નિયમના પરંતુક હેઠળ વાપરે, ત્યારે તેનો કાયમી પગાર, જે કાયમી જગ્યા ઉપર તે લિયન ધરાવતો હોય અથવા તેનું લિયન મોકૂફ રાખવામાં આવ્યું ન હોત, તો જે કાયમી જગ્યા ઉપર તેણે લિયન ધરાવ્યું હોય તે કાયમી જગ્યાના સંબંધમાં તેણે વિદ્યમાન પગારધોરણ રાખ્યું હોત, તો તેને મળ્યો હોત તો તે કાયમી પગાર અથવા અવેજી જગ્યાના જે પગાર, તત્કાલીન અમલમાં હોય તેવા કોઈ હુકમ અનુસાર કાયમી પગારનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય તે પગાર એ બેમાંથી જે વધુ હોય તે રહેશે.

**૬. વિકલ્પ વાપરવા બાબત :**

(૧) નિયમ-૫ના પરંતુક હેઠળનો વિકલ્પ, આ નિયમોને જોડેલા નમૂના-૧ પ્રમાણે લેખિતમાં વાપરવો જોઈશે અને તે સરકારી રાજ્યપત્રમાં આ નિયમો પ્રસિદ્ધ થયાની તારીખના ત્રણ મહિનાની અંદર અથવા વિદ્યમાન પગારધોરણ તે તારીખ પછીથી કરેલા આ નિયમોમાંના કોઈ સુધારાથી સુધારવામાં આવ્યો હોય ત્યારે, આવો સુધારો સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થાય તે તારીખથી ત્રણ મહિનાની અંદર પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલ સત્તાધિકારીને જાણ કરવી જોઈશે.

પરંતુ –

(ક) સરકારી કર્મચારી, આ નિયમો સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અથવા યથાપ્રસંગ, આ નિયમોમાં કરેલ સુધારા સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે ભારત બહાર રજા ઉપર હોય અથવા ડેપ્યુટેશન ઉપર હોય અથવા રાજ્યેતર સેવામાં, સક્રિય સેવામાં હોય ત્યારે સદરહુ વિકલ્પ લેખિતમાં વાપરી શકાશે અને ભારતમાં તેણે તેની જગ્યાનો ચાર્જ લીધાની તારીખના ત્રણ મહિનાની અંદર સદરહુ સત્તાધિકારીને જણાવી શકાશે. અને

(ખ) સરકારી કર્મચારી, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે ફરજમોકૂફી હેઠળ હોય ત્યારે, આવો કર્મચારી તેની ફરજ ઉપર તે પાછો ફર્યાની તારીખ, આ પેટા-નિયમમાં ઠરાવેલી તારીખ કરતાં મોડી હોય, તો તે તારીખના ત્રણ મહિનાની અંદર વિકલ્પ વાપરી શકાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ વાપરેલો વિકલ્પ, સરકારી કર્મચારીએ નીચેનાને જણાવવો જોઈશે:

(ક) એવો સરકારી કર્મચારી ખાતાનો વડો હોય, તો તે પગાર અને હિસાબ અધિકારી, ગાંધીનગર અથવા યથાપ્રસંગ અમદાવાદને,

(ખ) એવો સરકારી કર્મચારી ખાતાના વડા સિવાયનો રાજ્યપત્રિત અધિકારી હોય, તો ખાતાના વડાને,

(ગ) એવો સરકારી કર્મચારી બિન-રાજ્યપત્રિત અધિકારી હોય, તો જેમાં સરકારી કર્મચારીને નીમ્યો હોય તે ખાતાના વડા અથવા કચેરીના વડાને.

(૩) પેટા-નિયમ (૧)માં ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પ અંગેની જાણ સત્તાધિકારીને કરવામાં આવી ન હોય તો, સરકારી કર્મચારીએ સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી સુધારેલા પગારધોરણ લાગુ પાડવાનું પસંદ કર્યું છે એમ ગણાશે.

(૪) એકવાર વાપરમાં આવેલો વિકલ્પ આખરી રહેશે.

(૫) જે વ્યક્તિઓની નોકરી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે તારીખ પછી સમાપ્ત કરવામાં આવી હોય અને જે, મૃત્યુના, મંજૂર કરેલી જગ્યાઓની મુદત પૂરી થયે છૂટા કરવાના, રાજીનામા, બરતરફી, હોદ્દા પરથી દૂર કરવાના અથવા શિસ્તપાલનનાં કારણોસર નોકરીમાંથી છૂટા કરવાના કારણે ઠરાવેલી સમયમર્યાદાની અંદર વિકલ્પ વાપરી શકે નહિ તેવી વ્યક્તિ, આ નિયમના લાભો મેળવવાનો હક્કદાર રહેશે.

(૬) જે વ્યક્તિ સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે પછી મૃત્યુ પામી હોય અને ઠરાવેલી મુદતની અંદર વિકલ્પ વાપરી શકે નહિ તેવી વ્યક્તિ, સુધારેલાં ધોરણો વધુ અનુકૂળ હોય તો, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અથવા તેમના આશ્રિતોને વધુમાં વધુ લાભદાયી હોય તેવી મોડી તારીખથી તેમણે સુધારેલાં ધોરણો માટેનો વિકલ્પ સ્વીકાર્યો હોવાનું ગણાશે. આવા કિસ્સામાં કચેરીના વડાએ બાકી નીકળતી રકમની ચુકવણી માટેનાં જરૂરી પગલાં લેવાં જોઈશે.

**૭. સુધારેલા પગારધોરણમાં પ્રારંભિક પગાર નક્કી કરવા બાબત :**

(૧) સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી જે સરકારી કર્મચારી સુધારેલું પગારધોરણ લાગુ પાડવાનું નિયમ-૬ના પેટા-નિયમ (૩) હેઠળ પસંદ કરે અથવા તેણે પસંદ કર્યાનું ગણાતું હોય તે સરકારી કર્મચારીનો પ્રારંભિક પગાર, કોઈપણ કિસ્સામાં સરકાર ખાસ હુકમથી અથવા અન્યથા આદેશ કરે તે સિવાય, જે કાયમી જગ્યા ઉપર તે લિયન ધરાવતો હોય અથવા તેનું લિયન મોકૂફ રાખવામાં આવ્યું ન હોત, તો જે લિયન ધરાવત તે જ કાયમી જગ્યામાં તેના મૂળપગારના સંબંધમાં અલગ રીતે અને તેણે ધરાવેલ અવેજી જગ્યામાંના તેના પગારના સંબંધમાં નીચેની રીતે તે નક્કી કરવામાં આવશે:

(ક) તમામ કર્મચારીઓની બાબતમાં:

(૧) વિદ્યમાન પગારધોરણમાં મૂળ પગારના ૪૦ ટકા દર્શાવતી રકમ, કર્મચારીના વિદ્યમાન મળતરોમાં ઉમેરવી.

(૨) વિદ્યમાન મળતરો એવી રીતે વધારવામાં આવ્યાં પછી, પગાર આ રીતે ગણતરી કરેલ રકમની તરત પછીના તબક્કે સુધારેલા પગારધોરણમાં નક્કી કરવો.

પરંતુ –

(૧) એ રીતે ગણતરી કરેલી રકમ સુધારેલા પગારધોરણના ઓછામાં ઓછા પગાર કરતાં ઓછી હોય, તો પગાર સુધારેલા પગારધોરણના ઓછામાં ઓછા પગાર પ્રમાણે નક્કી કરવામાં આવશે, અને

(૨) એ રીતે ગણતરી કરેલી રકમ, સુધારેલા પગારધોરણના વધુમાં વધુ પગારથી વધારે હોય, તો પગાર તે પગારધોરણના વધુમાં વધુ પગાર પ્રમાણે નક્કી કરવામાં આવશે.

વધુમાં –

(ક) જ્યાં પગાર નક્કી કરતી વખતે વિદ્યમાન પગારધોરણમાં સતત ચાર કરતાં વધુ તબક્કામાં પગાર મેળવતા સરકારી કર્મચારીઓનો પગાર એક જ તબક્કે એકત્રિત થઈ જતો હોય એટલે કે, સુધારેલા પગારધોરણમાં તે જ તબક્કામાં નક્કી થતો હોય, તો વિદ્યમાન પગારધોરણમાં પ્રથમ સતત ચાર પછીના તબક્કે પગાર મેળવતા આ સરકારી કર્મચારીઓને સુધારેલ પગારધોરણોમાંનો પગાર નીચેની રીતે સુધારેલા પગારધોરણમાં ઈજાફો (ઈજાફા) આપીને, જે તબક્કે આવું એકત્રીકરણ (બન્ચિંગ) થતું હોય તે તબક્કા સુધી નીચે પ્રમાણે વધારવામાં આવશે :

(૧) વિદ્યમાન પગારધોરણમાં પાંચમા તબક્કેથી આઠમા તબક્કા સુધી પગાર મેળવતા સરકારી કર્મચારીઓ માટે એક ઈજાફો.

(૨) આઠમા તબક્કા પછી એકત્રીકરણ (બન્ચિંગ) થતું હોય, તો વિદ્યમાન પગારધોરણમાં નવમા તબક્કોથી બારમા તબક્કા સુધી પગાર મેળવતા સરકારી કર્મચારીઓ માટે બે ઈજાફા.

(૩) બારમા તબક્કા પછી એકત્રીકરણ (બન્ચિંગ) થતું હોય, તો વિદ્યમાન પગારધોરણમાં તેરમા તબક્કાથી સોળમા તબક્કા સુધી પગારધોરણ મેળવતા સરકારી કર્મચારીઓ માટે ત્રણ ઈજાફા.

(ખ) જ્યારે ઉપર પ્રમાણે પગાર વધારવાથી, સરકારી કર્મચારીનો પગાર, સુધારેલા પગારધોરણમાં એવા તબક્કે નક્કી કરવામાં આવે કે જે તબક્કાઓ તે જ વિદ્યમાન પગારધોરણમાં પછીના વધુ ઊંચા તબક્કે અથવા તબક્કાઓએ પગાર મેળવતા અન્ય કોઈ સરકારી કર્મચારીઓનો પગાર સુધારેલા પગારધોરણમાંના તબક્કા કરતાં વધુ હોય, તો તે પાછલા કર્મચારીનો પગાર આગલા કર્મચારીના પગાર કરતાં જેટલો ઓછો થાય તેટલા પ્રમાણમાં વધારવામાં પણ આવશે. વળી, એ રીતે પગાર નક્કી કરવામાં એવી ખાતરી કરવી જોઈશે કે દરેક કર્મચારીને, વિદ્યમાન પગારધોરણમાં (સ્ટેગ્નેશન ઈજાફા(ઈજાફાઓ) કોઈ હોય તો તે સહિત) દર ત્રણ ઈજાફા માટે સુધારેલ પગારધોરણમાં ઓછામાં ઓછો એક ઈજાફો મળે.

સ્પષ્ટીકરણ :

આ ખંડના હેતુ માટે, ''વિદ્યમાન મળતર''માં નીચેનાનો સમાવેશ થશે :

(ક) વિદ્યમાન પગારધોરણમાંનો મૂળ પગાર,

(ખ) સરેરાશ ભાવાંક ૧૫૧૦ (૧૯૬૦=૧૦૦) મુજબ મળવાપાત્ર મૂળ પગારને યોગ્ય મોંઘવારી ભથ્થું, અને

(ગ) વિદ્યમાન પગારધોરણમાં મૂળ પગાર ઉપર મળવાપાત્ર વચગાળાની રાહતના પ્રથમ અને બીજા હપ્તાની રકમો.

[(ખ)] પ્રેક્ટિસબંધી ભથ્થું મેળવતા સરકારી કર્મચારીના કિસ્સામાં, સુધારેલા પગારધોરણમાંનો પગાર, ઉપર પરિચ્છેદ (ક)ની જોગવાઈઓ અનુસાર નક્કી કરવો જોઈશે, સિવાય કે આવા કિસ્સામાં ''વિદ્યમાન મળતર'' એ શબ્દપ્રયોગમાં, પ્રેક્ટિસબંધી ભથ્થાંનો સમાવેશ થતો ન હોય અને તે માત્ર નીચેનાનું બનતું ન હોય :

(ક) વિદ્યમાન પગારધોરણમાંનો મૂળ પગાર.

(ખ) મૂળ પગારને યોગ્ય મોંઘવારી ભથ્થું અને સંબંધિત હુકમો હેઠળ સરેરાશ ભાવાંક ૧૫૧૦ (૧૯૬૦ = ૧૦૦) મુજબ મળવાપાત્ર પ્રેક્ટિસબંધી ભથ્થું, અને

(ગ) સંબંધિત હુકમો હેઠળ વિદ્યમાન પગારધોરણમાં મૂળ પગાર પર મળવાપાત્ર વચગાળાની રાહતના પ્રથમ અને બીજા હપ્તાની અને પ્રેક્ટિસબંધી ભથ્થાની રકમો અને આવા કિસ્સાઓમાં,

સુધારેલ પગારધોરણોમાં એવી રીતે નક્કી કરેલ પગાર ઉપરાંત નવા દરોએ પ્રેક્ટિસ ભથ્થું મળશે.

[(૨)](ક) કોઈ સરકારી કર્મચારીનો ઇજાફો સને ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે આવતો હોય તો, તેને ઇજાફો વિદ્યમાન પગારધોરણોમાં અથવા સુધારેલ પગારધોરણમાં મેળવવાનો વિકલ્પ રહેશે.

(ખ) સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે રજા પર હોય તેવો સરકારી કર્મચારી, તે ફરજ પર જોડાય તે તારીખથી સુધારેલા પગારધોરણ મુજબ પગાર મેળવવા હક્કદાર થશે.

(ગ) સરકારી કર્મચારી ફરજમોકૂફી હેઠળ હોય તો, તેને વિદ્યમાન પગારધોરણ આધારિત નિર્વાહભથ્થું મળવાનું ચાલુ રહેશે અને સુધારેલા પગારધોરણમાંનો તેનો પગાર, નિકાલ બાકી શિસ્તપાલનની કાર્યવાહીના આખરી હુકમને આધીન રહેશે.

(ઘ) (૧) કાયમી જગ્યા ધરાવતી વેળા કોઈ સરકારી કર્મચારી નિયમિત ધોરણે ઉપલી જગ્યા ઉપર અવેજીમાં કામગીરી બજાવતો હોય અને આ બે જગ્યાઓને લાગુ પડતાં પગારધોરણોને એક જ પગારધોરણમાં ભેળવી દેવામાં આવ્યાં હોય, ત્યારે આવા સરકારી કર્મચારીઓનો પગાર, તેને અવેજી જગ્યાના સંદર્ભે જ આ પેટા-નિયમ હેઠળ નક્કી કરવામાં આવશે અને એ રીતે નક્કી કરેલા પગારને તેના કાયમી પગાર તરીકે ગણવામાં આવશે.

(૨) એક જ સુધારેલાં પગારધોરણોથી બદલવામાં આવેલાં જુદાં જુદાં વિદ્યમાન પગાર-ધોરણોમાં અવેજી હેસિયતથી જગ્યા ધરાવતા સરકારી કર્મચારીઓને આ ખંડની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

(ચ) પરિચ્છેદ (ક) અથવા યથાપ્રસંગ, પરિચ્છેદ (ખ) અનુસાર ગણતરી કરેલાં વિદ્યમાન મળતરો, સુધારેલ મળતરો કરતાં વધારે હોય, ત્યારે તફાવતને અંગત પગાર ગણીને ભવિષ્યમાં પગારમાંના ઇજાફામાં સમાવી લેવો જોઈશે.

(છ) પેટા-નિયમ (૧) હેઠળ પગાર નક્કી કરતી વખતે, જે સરકારી કર્મચારી, વિદ્યમાન પગારધોરણમાં, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખની તરત જ પહેલા, તે જ કેડરમાં તેનાથી જુનિયર એવા અન્ય સરકારી કર્મચારી કરતાં વધારે પગાર મેળવતો હોય અને તેનો પગાર, તેવો જુનિયર જે તબક્કે પગાર મેળવતો હોય તેના કરતાં નીચલા તબક્કે સુધારેલા પગારધોરણમાં નક્કી થાય, ત્યારે તેનો પગાર, તે જુનિયરને મળતો હોય તેવા સુધારેલા પગારધોરણમાં તે જ તબક્કા સુધી વધારવામાં આવશે.

(જ) કોઈ સરકારી કર્મચારી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અંગત પગાર મેળવતો હોય અને એવો અંગત પગાર પરિચ્છેદ (ક) અથવા યથાપ્રસંગ પરિચ્છેદ (ખ) અનુસાર ગણતરી કર્યા પ્રમાણેનાં તેનાં વિદ્યમાન મળતરો સહિત સુધારેલાં મળતરો કરતાં વધારે થાય, ત્યારે આવો વધારો દર્શાવતો તફાવત એવા સરકારી કર્મચારીને ભવિષ્યના ઇજાફામાં સમાવી લેવાના અંગત પગાર તરીકે આપવામાં આવશે.

(ઝ) સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં ઉપલી જગ્યા ઉપર જેને બઢતી આપી હોય તે સિનિયર સરકારી કર્મચારી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ અથવા તે પછી ઉપલી જગ્યા ઉપર જેને બઢતી આપી હોય તેવા તેના જુનિયર કરતાં સુધારેલા પગારધોરણમાં ઓછો પગાર મેળવે, ત્યારે તે કિસ્સાઓમાં, સિનિયર સરકારી કર્મચારીનો પગાર, તે ઉપલી જગ્યામાં તેના જુનિયર માટે નક્કી કરેલા પગાર જેટલી રકમ સુધી વધારવો જોઈશે. નીચેની શરતો પરિપૂર્ણ કરવાને આધીન રહીને, સદરહુ

પગારવધારો, જુનિયર સરકારી કર્મચારીની બઢતીની તારીખથી અમલી બને તેમ કરવો જોઈશે :

(૧) જુનિયર અને સિનિયર સરકારી કર્મચારીઓ, એ બન્ને એક જ કેડરના હોવા જોઈશે અને જે જગ્યા ઉપર તેમને બઢતી આપવામાં આવી હોય તે જગ્યાઓ એક જ કેડરમાં સમાન હોવી જોઈશે.

(૨) જે નીચલી અને ઉપલી જગ્યાઓમાં તેઓ પગાર મેળવવાને હક્કદાર હોય તે જગ્યાઓના સુધાર્યા પહેલાના અને સુધારેલાં પગારધોરણો સમાન હોવાં જોઈશે.

(૩) સિનિયર સરકારી કર્મચારી બઢતીના સમયે, જુનિયર જેટલો અથવા તેનાથી વધુ પગાર મેળવતા હોય.

(૪) આ અસંગતતા, મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ-૪૧ અથવા સુધારેલા પગારધોરણમાંની આવી બઢતી ઉપર પગાર નક્કી કરવાનું નિયમન કરતાં અન્ય કોઈ નિયમ અથવા હુકમની જોગવાઈઓ લાગુ પાડવાનું સીધું પરિણામ છે, જ્યાં નીચલી જગ્યા ઉપર પણ જુનિયર કર્મચારી પોતાને આપેલા કોઈ અગાઉના ઇજાફાની રૂએ સુધાર્યા પહેલાના પગારધોરણમાં કોઈ સિનિયર કર્મચારી કરતાં વધુ પગાર મેળવતા હોય, ત્યારે આ ખંડની જોગવાઈઓ જરૂરી રહેશે નહિ.

(૫) ઉપરની જોગવાઈઓ અનુસાર સિનિયર કર્મચારીનો પગાર ફરી નક્કી કરવાને લગતો હુકમ, મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ-૫૧ની જોગવાઈઓ હેઠળ કાઢવો જોઈશે અને સિનિયર કર્મચારી, પગાર ફરી નક્કી કર્યાની તારીખથી તેને માટે જરૂરી લાયકાતવાળી નોકરી પૂરી કરે, આગામી ઇજાફા માટે હક્કદાર બનશે.

[(૩)]નિયમ-૫ની જોગવાઈને આધીન રહીને, પેટા-નિયમ (૧) હેઠળ અવેજી જગ્યામાં નક્કી કર્યા પ્રમાણેનો પગાર, કાયમી નક્કી કરેલા પગાર કરતાં ઓછો હોય, તો અવેજી પગાર, કાયમી પગાર ઉપરના બીજા તબક્કે નક્કી કરવામાં આવશે.

**૮. સુધારેલા પગારધોરણમાં આગામી ઇજાફાની તારીખ :**

(૧) નિયમ-૭ના પેટા-નિયમ (૧) અનુસાર, સુધારેલા પગારધોરણમાં જેનો પગાર નક્કી કરવામાં આવ્યો હોય તે સરકારી કર્મચારીનો આગામી ઇજાફો, જો તે વિદ્યમાન પગારધોરણમાં ચાલુ રહ્યો હોત, તો જે તારીખે તેને તેનો ઇજાફો મળ્યો હોત તે તારીખે આપવામાં આવશે;

પરંતુ નિયમ-૭ના પેટા-નિયમ(૧)ના પરિચ્છેદ (ક)ના બીજા પરંતુક અને પેટા-નિયમ (૨)ના ખંડ (છ) અથવા ખંડ(ઝ)ના પ્રમાણે, સરકારી કર્મચારીનો પગાર વધારવામાં આવે ત્યારે, તે કિસ્સાઓમાં, આગામી ઇજાફો, સુધારેલા પગારધોરણમાં પગાર વધાર્યાની તારીખથી બાર મહિનાની લાયકાતવાળી નોકરી પૂરી થયે, આપવામાં આવશે.

વધુમાં અગાઉના પરંતુકથી આવરી લેવાયેલ હોય તે સિવાયના કિસ્સાઓમાં, તે જ કેડરમાં તેનાથી જુનિયર અન્ય સરકારી કર્મચારી માટે જે તબક્કે પગાર નક્કી કરવામાં આવે તે જ તબક્કે જેનો પગાર, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે નક્કી કરવામાં આવે અને વિદ્યમાન પગારધોરણમાં તેના કરતાં નીચલા તબક્કે પગાર મેળવતો હોય તે સરકારી કર્મચારીનો આગામી ઇજાફો, તેના જુનિયરના ઇજાફાની તારીખ વહેલી હોય તો, તેના જુનિયરને મળવાપાત્ર તારીખે આપવામાં આવશે.

વળી, જે વ્યક્તિઓ સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે હોય તે પ્રમાણે, વિદ્યમાન પગારધોરણનો અધિકતમ પગાર એક વર્ષથી વધુ મુદત સુધી મેળવતી હોય તે વ્યક્તિઓના કિસ્સામાં સુધારેલા પગારધોરણમાંનો આગામી ઇજાફો, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે આપવામાં આવશે.

(૨) એક, બીજાનો બઢતીનો પગારધોરણ હોય તેવાં બે વિદ્યમાન પગારધોરણો એકત્ર કરવામાં આવે તે કિસ્સામાં અને જુનિયર સરકારી કર્મચારી હવે તેનો પગાર નીચલા પગારધોરણમાં સમાન અથવા નીચલા તબક્કાએ મેળવતો હોય અને સુધારેલા વિદ્યમાન ઉચ્ચતર પગારધોરણમાં સિનિયર સરકારી કર્મચારીના પગાર કરતાં સુધારેલા પગારધોરણમાં વધુ મેળવે તે કિસ્સામાં, સુધારેલા પગારધોરણમાં સિનિયર કર્મચારીનો પગાર તે જ તારીખથી તેના જુનિયર માટે નક્કી કરેલા પગાર જેટલી રકમ સુધી વધારવામાં આવશે, અને તે આવા પગાર વધાર્યાના તારીખથી લાયકાતવાળી મુદત પૂરી થયા પછી આગામી ઇજાફો મેળવશે.

**૯. સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પછીના સુધારેલા પગારધોરણમાં પગાર નક્કી કરવા બાબત :**

કોઈ સરકારી કર્મચારી, વિદ્યમાન પગારધોરણમાં તેનો પગાર મેળવવાનું ચાલુ રાખે અને સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ કરતાં મોડી હોય તેવી તારીખથી સુધારેલા પગારધોરણમાં તેને મૂકવામાં આવે ત્યારે સુધારેલા પગારધોરણમાં મોડી તારીખથી તેનો પગાર, મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ હેઠળ નક્કી કરવામાં આવશે અને આ હેતુ માટે વિદ્યમાન પગારધોરણમાં તેના પગારનો અર્થ, નિયમ-૭ના પેટા-નિયમ (૧)ના યથાપ્રસંગ પરિચ્છેદ (ક) અથવા યથાપ્રસંગ પરિચ્છેદ (ખ)ની જોગવાઈઓ અનુસાર ગણતરી કર્યા પ્રમાણેનાં વિદ્યમાન મળતરોનો જે અર્થ થતો હોય તે જ થશે, સિવાય કે તે મળતરોની ગણતરી માટે ગણતરીમાં લેવાનો મૂળ પગાર, ઉપર્યુક્ત પાછલી તારીખનો મૂળ પગાર હોવો જોઈએ અને કોઈ સરકારી કર્મચારી પ્રેક્ટિસબંધી ભથ્થું મેળવતો હોય, ત્યારે તેનો પગાર તેવા યથાપ્રસંગ મળતર અને પ્રેક્ટિસબંધી ભથ્થા જેટલી રકમમાંથી બાદ કર્યા પછી, એવી રીતે ગણતરી કરેલ મળતરોના યોગ્ય સુધારેલા દરે નક્કી કરવો જોઈશે.

**૧૦. સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી પહેલાં ધરાવેલી જગ્યા ઉપર તે તારીખ પછી ફેરનિમણૂક થયે પગાર નક્કી કરવા બાબત :**

સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં જે સરકારી કર્મચારીએ તે જગ્યામાં અવેજી ધોરણે કામગીરી બજાવી હોય, પણ તે તારીખે તે જગ્યા ધરાવતા ન હોય અને તે જગ્યા ઉપર પછીથી નિમણૂક થયે, સુધારેલા પગારધોરણમાં પગાર મેળવે તે સરકારી કર્મચારીને મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ ૪૧ના પરંતુકના અથવા નિયમ ૪૧-કના પરંતુકના લાભો, જો તે સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે તે જગ્યા ધરાવતો હોત અને તે તારીખથી તેણે સુધારેલ પગારધોરણ પસંદ કર્યું હોત તો તેટલા પ્રમાણમાં મળવાપાત્ર થાય તેટલા પ્રમાણમાં આપવામાં આવશે.

**૧૧. પગારની લેણી થતી રકમની ચુકવણીની રીત :**

પગારધોરણ સુધારવાને કારણે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૭ સુધીની મુદત માટે ઊભી થતી લેણી રકમની ચુકવણીનું નીચે પ્રમાણે નિયમન કરવામાં આવશે :

(૧) ચૂકવવાપાત્ર થતી તફાવતની કુલ રકમના પચાસ ટકા રકમ, સંબંધિત ઑડિટ સત્તામંડળ દ્વારા પગારની ખરાઈ કર્યા પછી, એક હપ્તામાં, સંબંધિત સરકારી કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરવામાં આવશે. આ રકમ સામાન્ય ભવિષ્યનિધિ નિયમોના સામાન્ય નિયમ હેઠળ, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ પહેલાં ઉપાડવાની છૂટ આપવામાં આવશે નહિ.

(૨) ચૂકવવાપાત્ર થતી તફાવતની કુલ રકમના પચીસ ટકા રકમ, પૂર્વ ઑડિટ સિવાય તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ પહેલાં રોકડમાં ચૂકવી શકાશે.

(૩) તફાવતની કુલ રકમના બાકીના પચીસ ટકા રકમ, સંબંધિત ઑડિટસત્તા દ્વારા પગારની યોગ્ય ખરાઈ કર્યા પછી, રોકડમાં ચૂકવી શકાશે.

(૪) તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધીની મુદત દરમ્યાન, જે

કર્મચારીઓ નિવૃત્ત થયા હોય, જેમની નોકરી સમાપ્ત કરવામાં આવી હોય અથવા જેઓ મૃત્યુ પામ્યા હોય તેઓને રોકડમાં ચૂકવવામાં આવશે.

(૫) જે કર્મચારીઓ તફાવતની સમગ્ર રકમ પોતાના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરાવવા ઇચ્છતા હોય તો તેઓને તેમ કરવાની છૂટ આપવામાં આવશે.

(૬) સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરવાની તફાવતની રકમ ઉપર ચૂકવવાપાત્ર વ્યાજ, સંબંધિત કર્મચારીના ભવિષ્યનિધિ ખાતામાં તફાવતની રકમ જમા કર્યાની તારીખને લક્ષમાં લીધા સિવાય, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮થી આપવું જોઈશે.

**સ્પષ્ટીકરણ :** આ નિયમના હેતુ માટે –

(ક) સરકારી કર્મચારીના સંબંધમાં, ''પગારની તફાવતની રકમ'' એટલે કે –

(૧) આ નિયમો હેઠળ, સંબંધિત મુદત માટે, પોતાના પગાર અને ભથ્થાં સુધારવાને કારણે, તે જે પગાર અને ભથ્થાં મેળવવા હક્કદાર હોય તેની એકંદર રકમ, અને

(૨) પોતાના પગાર અને ભથ્થાં એવી રીતે સુધારવામાં આવ્યાં ન હોત તેવી મુદત માટે (આવા પગાર અને ભથ્થાં મેળવેલાં હોય કે ન હોય) તે જે પગાર અને ભથ્થાં મેળવવા હક્કદાર થાત તેની એકંદર રકમ

(ખ) ''સંબંધિત મુદત'' એટલે સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી શરૂ થતી અને સન ૧૯૯૭ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે પૂરી થતી મુદત.

**૧૨. નિયમોની ચઢિયાતી અસર :**

આ નિયમો હેઠળ પગાર નિયમિત કરવામાં આવે તે કિસ્સામાં, મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯; ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૬૧; ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૬૯; ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૭૫ અને ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૮૭ની જોગવાઈઓ, આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, જેટલે સુધી તે આ નિયમો સાથે અસંગત હોય તેટલે સુધી લાગુ પડશે નહિ.

**૧૩. છૂટછાટ મૂકવાની સત્તા :**

સરકારને ખાતરી થાય કે આ નિયમોની તમામ અથવા તે પૈકીની કોઈ જોગવાઈનો અમલ કરવાથી કોઈ ખાસ કિસ્સામાં, અયોગ્ય મુશ્કેલી થાય છે, ત્યારે તે હુકમ દ્વારા તે કેસનો વ્યાજબી અને ન્યાયી રીતે નિકાલ કરવા માટે તેઓને જરૂરી લાગે તેટલે સુધી અને તેવી શરતોને અધીન રહીને, તે નિયમની આવશ્યકતાઓ વિના ચલાવી લઈ શકશે અથવા તેમાં છૂટછાટ મૂકી શકશે.

**૧૪. અર્થઘટન :**

આ નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈઓના અર્થઘટનને લગતા કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન સરકારને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે.

## નમૂનો - ૧

## વિકલ્પનો નમૂનો

*[જુઓ નિયમ ૬(૧)]*

* (૧) હું ............................આથી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી સુધારેલ પગારધોરણ પસંદ કરું છું.

* (૨) હું ...............................આથી

* મારા આગામી ઈજાફાની તારીખ સુધી મારો પગાર રૂપિયા ............. સુધી વધારતા મારા ત્યાર પછીના ઈજાફા તારીખ સુધી નીચે જણાવેલ મારી કાયમી / કાર્યકારી જગ્યાના વિદ્યમાન પગારધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરું છું.

હું વિદ્યમાન પગારધોરણનો પગાર છોડી દઉં છું અથવા બંધ કરું છું.

વિદ્યમાન પગારધોરણ

(૧) સહી :

(૨) નામ :

(૩) હોદ્દો :

(૪) કામ કરતા હોય તે સંસ્થાનું નામ :

મારી સમક્ષ સહી કરી :

સ્થળ :

કચેરીના વડાની સહી

તારીખ :

ઉપરનો એકરાર મળ્યો છે.

હિસાબી કચેરીના વડાની સહી

* લાગુ પડતો ન હોય તે મજકૂર કાઢી નાખવો.

## નમૂનો - ૨

*[જુઓ નિયમ-૩ના ખંડ (૯)ની નોંધ-૧ અને નોંધ-૨]*

હું, આથી, ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૯૮ હેઠળ પગાર નક્કી થવાને લીધે, મને ચુકવાયેલ વધારાની રકમ, પગારધોરણો આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે, પરત કરવા સંમત થાઉં છું.

(૧) નામ :

(૨) હોદ્દો :

(૩) જ્યાં કામ કરતા હોય તે સંસ્થાનું નામ :

સહી :

સ્થળ :

તારીખ :

મારી સમક્ષ સહી કરી

સહી :

(બિનરાજયપત્રિત સરકારી કર્મચારી માટે કચેરીના વડા)

## SCHEDULE-A

***[See clause (4) of rule 3]***

***Details of the present scales mentioned in column (3) of Schedule C***

| Sr. No. | Detaild Scales |
|---|---|
| 1. | Rs. 750-12-870-14-940 |
| 2. | Rs. 775-12-871-14-1025 |
| 3. | Rs. 800-15-1010-20-1150 |
| 4. | Rs. 825-15-900-EB-20-1200 |
| 5. | Rs. 950-20-1150-EB-25-1400 |
| 6. | Rs. 950-20-1150-EB-25-1500 |
| 7. | Rs. 975-25-1150-EB-30-1660 |
| 8. | Rs. 1150-25-1500 |
| 9. | Rs. 1200-30-1440-EB-30-1800 |
| 10. | Rs. 1200-30-150-EB-40-2040 |
| 11. | Rs. 1320-30-1560-EB-40-2040 |
| 12. | Rs. 1350-30-1440-40-1800-EB-50-2200 |
| 13. | Rs. 1400-40-1800-EB-50-2300 |
| 14. | Rs. 1400-40-1600-50-2300-EB-60-2600 |
| 15. | Rs. 1600-50-2300-EB-60-2600 |
| 16. | Rs. 1640-60-2600-EB-75-2900 |
| 17. | Rs. 1740-60-2700-EB-75-3000 |
| 18. | Rs. 2000-60-2300-EB-75-3200 |
| 19. | Rs. 2000-60-2300-EB-75-3200-100-3500 |
| 20. | Rs. 2200-75-2800-EB-100-4000 |
| 21. | Rs. 2200-75-2800-EB-100-4200 |
| 22. | Rs. 2500-75-2800-100-4200 |
| 23. | Rs. 3000-100-3500-125-4500 |
| 24. | Rs. 3000-100-3500-125-5000 |
| 25. | Rs. 3500-125-4250-150-5000 |
| 26. | Rs. 3700-125-4700-150-5000 |
| 27. | Rs. 3700-125-4950-150-5700 |
| 28. | Rs. 4100-125-4850-150-5300 |
| 29. | Rs. 4100-125-5100-150-5700 |
| 30. | Rs. 4500-150-5700 |
| 31. | Rs. 4500-150-5700-200-6300 |
| 32. | Rs. 4500-150-5700-200-7300 |
| 33. | Rs. 5700 (Fixed) |
| 34. | Rs. 5300-150-6200 |
| 35. | Rs. 5900-200-6700 |
| 36. | Rs. 6300-200-7300 |

## SCHEDULE - B

**See clause (6) rule (3)**

***Part-I***

| Sr. No. | Details of the Revised Scales mentioned in column 4 of Schedule C |
|---|---|
| 1. | Rs. 2550-55-2660-60-3200 |
| 2. | Rs. 2610-60-3150-65-3540 |
| 3. | Rs. 2650-65-3300-70-4000 |
| 4. | Rs. 2750-70-3800-75-4400 |
| 5. | Rs. 3050-75-3950-80-4590 |
| 6. | Rs. 3200-85-4900 |
| 7. | Rs. 4000-100-6000 |
| 8. | Rs. 4500-1250-7000 |
| 9. | Rs. 5000-150-8000 |
| 10. | Rs. 5500-175-9000 |
| 11. | Rs. 6500-200-10500 |
| 12. | Rs. 8000-275-13500 |
| *13. | Rs. 8000-275-14050 |
| *14. | Rs. 8500-275-14000 |
| 15. | Rs. 10000-325-15200 |
| *16. | Rs. 12000-375-16500 |
| 17. | Rs. 12000-375-18000 |
| *18. | Rs. 14300-400-18300 |
| 19. | Rs. 14300-450-22400 |
| *20. | Rs. 16000-450-20050 |
| *21. | Rs. 18300 (Fixed) |
| 22. | Rs. 18400-500-22400 |

* *Provisional Scales*

***Part-II***

The following scales are based on Government of India/University Grant Commission/All India Council for Technical Education/ Indian Council of Agricultural Research and are provisional one.

| | |
|---|---|
| 1. | Rs. 5655-175-9155 |
| 2. | Rs. 8000-275-13500 |
| 3. | Rs. 10000-325-15200 |
| 4. | Rs. 12000-375-18000 |
| 5. | Rs. 14300-450-21050 |
| 6. | Rs. 20475-500-26475 |
| 7. | Rs. 22400-525-24500 |

ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૯૮ની સ્પષ્ટીકરણાત્મક યાદી

**નિયમ-૧ :** આ નિયમ સ્વયં સ્પષ્ટ છે.

**નિયમ-૨ :** જેમને નિયમો લાગુ પડતા હોય તેવા કર્મચારીઓનો વર્ગ આ નિયમથી નિર્દિષ્ટ કર્યો છે. ખંડ (૨) હેઠળ બાકાત રાખેલા વર્ગો માટે હોય તે સિવાય આ નિયમો ગુજરાત રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમાયેલી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

**નિયમ-૩ અને નિયમ-૪ :** આ નિયમો સ્વયં સ્પષ્ટ છે.

**નિયમ-૫ :** ઇરાદો એ છે કે, વિદ્યમાન પગારધોરણમાં પગાર મેળવવાનું પસંદ કરે તે સિવાયના તમામ સરકારી કર્મચારીઓને, સુધારેલા પગારધોરણમાં લાવવા. જેઓએ વિદ્યમાન પગારધોરણમાં ચાલુ રહેવાનો વિકલ્પ વાપર્યો હોય તેઓ, સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં હોય તે દરે, મોંઘવારી ભથ્થું અને વચગાળાની રાહતો લેવાનું ચાલુ રાખી શકશે અને મોંઘવારી ભથ્થું સહરતુ તારીખે, પેન્શન માટેના મળતર વગેરે પેટે તેવી રીતે ગણાયેલી મર્યાદા સુધી ગણાશે. કોઈ કર્મચારી કાયમી હેસિયતથી કાયમી જગ્યા ધરાવતો હોય અને ઉપલી જગ્યામાં અવેજી ધોરણે કામગીરી બજાવતો હોય અથવા ડેપ્યુટેશન વગેરે ઉપર તે ન હોત, તો એક અથવા વધારે જગ્યાઓમાં અવેજી ધોરણે કામગીરી બજાવતો હોત, તો તેને એક પગારધોરણના સંબંધમાં માત્ર વિદ્યમાન પગારધોરણ રાખવાનો વિકલ્પ રહેશે. આવો સરકારી કર્મચારી કાયમી જગ્યા અથવા અવેજી જગ્યાઓ પૈકી કોઈ જગ્યાને લાગુ પડતું વિદ્યમાન પગારધોરણ રાખી શકશે. બાકી જગ્યાઓના સંબંધમાં તેને સુધારેલા પગારધોરણમાં લાવવાનું જરૂરી બનશે.

**નિયમ-૬ :** આ નિયમ, વિકલ્પ કઈ તારીખે વાપરવો અને કયા સત્તાધિકારીને આવા વિકલ્પની જાણ કરવી તે ઠરાવે છે. વિકલ્પ આ નિયમોને જોડેલા યોગ્ય નમૂના-૧માં વાપરવાનો છે. એ ધ્યાન રાખવું જોઈશે કે, કોઈ સરકારી કર્મચારી નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર વિકલ્પ વાપરે એટલું જ નહિ પણ તે સમયમર્યાદાની અંદર નિયત સત્તાધિકારીને પહોંચે. આ નિયમો પ્રસિદ્ધ થાય તે સમયે ભારતની બહાર હોય તેવી વ્યક્તિઓના કિસ્સામાં, વાપરવાના વિકલ્પની મુદત, ભારતમાં જગ્યાનો ચાર્જ લીધાની તારીખથી ત્રણ મહિનાની અંદર પહોંચે તેની ખાતરી કરવી જોઈશે. જેમની જગ્યાઓનું સુધારેલું પગારધોરણ આ નિયમો બહાર પડ્યાની તારીખ પછી જાહેર કર્યું હોય તેવા સરકારી કર્મચારીઓના કિસ્સામાં ત્રણ મહિનાની મુદત, આવી જાહેરાતની તારીખથી શરૂ થશે.

તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ અને આ નિયમો બહાર પાડ્યાની તારીખ વચ્ચે નિવૃત્ત થયેલ વ્યક્તિ પણ વિકલ્પ વાપરી શકે છે.

**નિયમ-૭ :** આ નિયમોના પેટા-નિયમ (૧) સને ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે વિદ્યમાન પગારધોરણમાં પગાર ખરેખર નક્કી કરવા સંબંધી છે. નિયમ-૭ (૧) નીચેના પેટા-નિયમ (૨) હેઠળ પગાર વધારાને આધીન રહીને, કઈ રીતે સરકારી કર્મચારીનો પગાર નક્કી કરવો તે દર્શાવતાં કેટલાંક ઉદાહરણો નીચે દર્શાવેલાં છે :

**દૃષ્ટાંત ક્રમાંક-૧ :**

| | | |
|---|---|---|
| ૧. | વિદ્યમાન પગારધોરણ | રૂ. ૭૫૦-૧૨-૮૭૦-૧૪-૯૪૦ |
| ૨. | સૂચિત પગારધોરણો | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦. |
| ૩. | વિદ્યમાન પગાર | રૂ. ૭૮૬ |
| ૪. | તા. ૧-૧-'૯૬ના રોજનું મોંઘવારી ભથ્થું (ભાવાંક-૧૫૧૦) | રૂ. ૧૧૬૩ |
| ૫. | વચગાળાની રાહતનો પ્રથમ હપ્તો | રૂ. ૧૦૦ |

| | | |
|---|---|---|
| ૬. | વચગાળાની રાહતનો બીજો હપ્તો<br>ઓછામાં ઓછા રૂ. ૧૦૦ને આધીન (મૂળ પગારના ૧૦%) | રૂ. ૧૦૦ |
| ૭. | વિદ્યમાન મળતર | રૂ. ૨૧૪૯ |
| ૮. | વત્તા મૂળ પગારના ૪૦% | રૂ. ૩૧૪ |
| | કુલ | રૂ. ૨૪૬૩ |
| ૯. | સૂચિત પગારધોરણમાં ઉપલું હવે પછીનું સ્ટેજ, બન્ચિંગના લાભ મળવાપાત્ર હોય તો તે સહિત | રૂ. ૨૫૫૦<br>(ઓછામાં ઓછું) |
| ૧૦. | વિદ્યમાન પગારધોરણમાં દરેક ત્રણ ઈજાફા માટે સૂચિત પગારધોરણમાં એક ઈજાફો મળ્યો હોય તો સૂચિત પગારધોરણમાં પગારનું સ્ટેજ. | રૂ. ૨૬૦૫ |
| ૧૧. | સૂચિત પગારધોરણમાં નક્કી કરવાનો પગાર (અનુક્રમાંક ૯ અથવા ૧૦ એ બેમાંથી જે વધુ હોય તે પગારનું સ્ટેજ | રૂ.૨૬૦૫ |

**દૃષ્ટાંત ક્રમાંક-૨**

| | | |
|---|---|---|
| ૧. | વિદ્યમાન પગારધોરણ | રૂ. ૧૬૪૦-૬૦-૨૬૦૦-૭૫-૨૯૦૦ |
| ૨. | સૂચિત પગારધોરણો | રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ |
| ૩. | વિદ્યમાન પગાર | રૂ. ૨૩૬૦ |
| ૪. | તા. ૧-૧-'૯૬ના રોજનું મોંઘવારી ભથ્થું (ભાવાંક - ૧૫૧૦) | રૂ. ૩૪૯૩ |
| ૫. | વચગાળાની રાહતનો પ્રથમ હપ્તો | રૂ. ૧૦૦ |
| ૬. | વચગાળાની રાહતનો બીજો હપ્તો ઓછામાં ઓછા રૂ. ૧૦૦ને આધીન (મૂળ પગારના ૧૦%) | રૂ. ૨૩૬ |
| ૭. | વિદ્યમાન મળતર | રૂ. ૬૧૮૯ |
| ૮. | વત્તા મૂળ પગારના ૪૦% | રૂ. ૯૪૪ |
| | કુલ | રૂ. ૭૧૩૩ |
| ૯. | સૂચિત પગારધોરણમાં ઉપલું હવે પછીનું સ્ટેજ બન્ચિંગના લાભ મળવાપાત્ર હોય તો તે સહિત | રૂ. ૭૨૫૦ |
| ૧૦. | વિદ્યમાન પગારધોરણમાં દરેક ત્રણ ઈજાફા માટે સૂચિત પગારધોરણમાં એક ઈજાફો મળ્યો હોય તો સૂચિત પગારધોરણમાં પગારનું સ્ટેજ | રૂ. ૬૨૦૦ |
| ૧૧. | સૂચિત પગારધોરણમાં નક્કી કરવાનો પગાર (અનુક્રમાંક ૯ અથવા ૧૦ એ બેમાંથી જે વધુ હોય તે પગારનું સ્ટેજ) | રૂ. ૭૨૫૦ |

**દૃષ્ટાંત ક્રમાંક-૩**

| | | |
|---|---|---|
| ૧. | વિદ્યમાન પગારધોરણ | રૂ. ૪૫૦૦-૧૫૦-૫૭૦૦ |
| ૨. | સૂચિત પગારધોરણો | રૂ. ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦ |
| ૩. | વિદ્યમાન પગાર | રૂ. ૫૪૦૦ |

| | | |
|---|---|---|
| ૪. તા. ૧-૧-'૯૬ના રોજનું મોંઘવારી ભથ્થું (ભાવાંક - ૧૫૧૦) | | રૂ. ૫૯૯૪ |
| ૫. વચગાળાની રાહતનો પ્રથમ હપ્તો | | રૂ. ૧૦૦ |
| ૬. વચગાળાની રાહતનો બીજો હપ્તો ઓછામાં ઓછા રૂ. ૧૦૦ને આધીન (મૂળ પગારના ૧૦%) | | રૂ. ૫૪૦ |
| ૭. વિદ્યમાન મળતર | | રૂ. ૧૨૦૩૪ |
| ૮. વત્તા મૂળ પગારના ૪૦% | | રૂ. ૨૧૬૦ |
| | કુલ | રૂ. ૧૪૧૯૪ |
| ૯. સૂચિત પગારધોરણમાં ઉપલું હવે પછીનું સ્ટેજ બન્ચિંગના લાભ મળવાપાત્ર હોય તો તે સહિત. | | રૂ. ૧૪૭૦૦ |
| ૧૦. વિદ્યમાન પગારધોરણમાં દરેક ત્રણ ઇજાફા માટે સૂચિત પગારધોરણમાં એક ઇજાફો મળ્યો હોય તો સૂચિત પગારધોરણમાં પગારનું સ્ટેજ | | રૂ. ૧૫૧૦૦ (વિદ્યમાન પગારધોરણમાં ઇજાફા માટે બે ઇજાફા) |
| ૧૧. સૂચિત પગારધોરણમાં નક્કી કરવાનો પગાર (અનુક્રમાંક ૯ અથવા ૧૦ એ બેમાંથી જે વધુ હોય તે પગારનું સ્ટેજ) | | રૂ. ૧૫૧૦૦ |

**નિયમ-૭ :** જે કિસ્સાંઓમાં સરકારી કર્મચારીએ તેની કાયમી જગ્યાના સંબંધમાં સુધારેલ પગારધોરણ પસંદ કર્યું હોય, પણ અવેજી જગ્યાના સંબંધમાં વિદ્યમાન પગારધોરણ ચાલુ રાખ્યું હોય તે કિસ્સાઓમાં આ નિયમના પેટા-નિયમ (૩)નો લાભ મળવાપાત્ર નથી.

**નિયમ-૮ :** નવા પગારધોરણમાં આગામી ઇજાફો કઈ રીતે નિયમિત કરવો જોઈએ એ આ નિયમથી ઠરાવ્યું છે. આ નિયમના પરંતુકોથી, આ નિયમના મૂળ ભાગના અમલને કારણે તેના સિનિયર કરતાં વધારે પગાર મેળવતા જુનિયર સરકારી કર્મચારીઓની વિસંગતતાઓ દૂર કરવા અને તા. ૧-૧-૧૯૯૬ના રોજ એક વર્ષ કરતાં વધુ સમય સુધી વિદ્યમાન પગારધોરણમાં અધિકતમ પગાર મેળવતા સરકારી કર્મચારીઓની અને જેઓ વિદ્યમાન પગારધોરણમાં અધિકતમ પગાર પર સ્થગિત થઈ ગયા હોય અને જેઓ ખરેખર મૂળ એડહોક ધોરણે સ્થગિત ઇજાફા મેળવતા હોય તે સરકારી કર્મચારીઓની બાબતમાં પણ ધ્યાનમાં લેવા ધાર્યું છે.

**નિયમ-૯ થી નિયમ-૧૪ :** આ નિયમો સ્વયં સ્પષ્ટ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, રાજેશ કિશોર
સચિવ, નાણા વિભાગ

***

## 47 (૧૯) પાંચમા કેન્દ્રિય પગારપંચ અન્વયે પગાર નક્કી કરવા અંગે

Govt. of Gujarat, GRFD No. : PGR/1098/3/M,
Sachivalay, Gandhinagar, Dt. 20-1-'98

***Read :*** *Government Notification, Finance Dept. No. : GN-2/PGR-1098/2/M, Dt. 20-1-'98.*

**RESOLUTION**

Government has separately issued The Gujarat Civil Services (Revision of Pay) Rules, 1998 and for the purpose of speedy implementation